ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
આઝાદી કા અમૃત મહોત્સવ
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ- 1955/08/2023** **તા:05/08/2023**

## રાજયની જનતાએ લખેલા આભાર માનતા સવા લાખ જેટલા પોસ્ટકાર્ડ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને દિલ્હી મોકલવા માટેનો કાર્યક્રમ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે યોજાયો.

----

## બક્ષીપંચ મોરચાએ શ્રી સી.આર.પાટીલજીના માર્ગદર્શનમાં વિવિધ જનસંપર્ક કાર્યક્રમો થકી જનતા સુધી પહોંચી કેન્દ્ર સરકાર અને રાજય સરકારની વિવિધ યોજનાની માહિતી પહોચાડી છે જેનો એક પુરાવો આ સવા લાખ પત્રો છે જે જનતાએ લખેલા છે તેને આજે દિલ્હી મોકલવામાં આવશે. – શ્રી રજનીભાઇ પટેલ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, વિકાસપુરુષનું બીરુદ મેળવનાર વૈશ્વીક નેતા અને દેશને આત્મનિર્ભર ભારતની દિશા આપનાર આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારને સેવા,સુશાસન અને ગરીબ કલ્યાણ અંતર્ગત સફળતાના 9 વર્ષ પુર્ણ થયા છે તે સંદર્ભે બક્ષીપંચ મોરચા દ્વારા ગત મહિનામાં જનસંપર્ક,ખાટલા બેઠક સહિતના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા તે દરમિયાન જનતાએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને આભાર પાઠવતા 1.25 લાખ જેટલા પોસ્ટકાર્ડ રાજયની જનતાએ લખેલા છે જેને બક્ષીપંચ મોરચા દ્વારા દિલ્લી મોકલવામાં આવનાર છે જે કાર્યક્રમ આજે પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઇ પટેલ,બક્ષીપંચમોરચાના પ્રભારી અને પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી મહેન્દ્રભાઇ પટેલ તેમજ પ્રદેશ મીડિયા કન્વીનરશ્રી ડો.યજ્ઞેશભાઇ દવે સહિત બક્ષીપંચ મોરચાના પ્રમુખશ્રી મંયકભાઇ નાયક ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં શ્રી રજનીભાઇ પટેલે જણાવ્યું હતું કે, દેશની રાજનીતીમાં જનસંઘથી ભાજપાની યાત્રા માં પાર્ટી આજે સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે જેમાં વિવિધ મોરચાનુ પણ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

મહત્વનું યોગદાન રહ્યુ છે. મોરચા દ્વારા વિવિધ જનસંપર્ક કાર્યક્રમો કરવામાં આવ્યું છે તેમાં બક્ષીપંચ મોરચાએ શ્રી સી.આર.પાટીલજીના માર્ગદર્શનમાં વિવિધ જનસંપર્ક કાર્યક્રમો થકી જનતા સુધી પહોંચી કેન્દ્ર સરકાર અને રાજય સરકારની વિવિધ યોજનાની માહિતી પહોચાડી છે જેનો એક પુરાવો આ સવા લાખ પત્રો છે જે જનતાએ લખેલા છે તેને આજે દિલ્હી મોકલવામાં આવશે.

આ કાર્યક્રમમાં શ્રી મંયકભાઇ નાયકે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારને સફળતાના 9 વર્ષ પુર્ણ થતા બક્ષીપંચ મોરચા દ્વારા 25 રથ દ્વારા ગુજરાતની તમામ વિધાનસભા અને લોકસભાનો પ્રવાસ કરી જન સંપર્ક કરી સરકારની વિવિધ યોજનાનો લાભ મેળવનાર જનતાનો સંપર્ક કરવામાં આવ્યો હતો તે દરમિયાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આભાર વ્યકત કરતા પોસ્ટકાર્ડ લખાવામાં આવ્યા હતા  જે પોસ્ટકાર્ડ દિલ્હી મોકલવામાં આવશે. તેમજ બક્ષીપંચ મોરચા દ્વારા જનસંપર્ક થકી લોકસભાની ચૂંટણીમાં દરેક બેઠક પાંચ લાખથી વધુ મતોથી જીતવાનો આદરણીયશ્રી સી.આર.પાટીલજીના સંકલ્પ ને સાકાર કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

**ડૉ.યજ્ઞેશ દવે**
**(પ્રદેશ મિડિયા કન્વીનર)**